*GJVD030003612003*

| | |
|---|---|
| દાખલ તારીખ | :- ૨૭/૦૨/૨૦૨૬. |
| રજીસ્ટર કર્યા તારીખ | :- ૨૭/૦૨/૨૦૨૬. |
| ફેંસલ તારીખ | :- ૨૮/૦૪/૨૦૨૬. |
| સમયગાળા | :- |

---

:: મહે. કરજણના અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલતમાં :

---

ગુ. મુ. નં. : ૫૭૩૮/૨૦૦૩.
આંક :-

---

ફરીયાદી :- શ્રી સ ર કા ર.

<u>વિરૂધ્ધ.</u>

આરોપી :- ૧. જયેન્દ્ર ઉદેસિંહ રાઠોડ, ઉ.વ. ૫૨.

૨. અલ્પેશસિંહ વજેસિંહ રાઠોડ,ઉ.વ. ૪૦.

૩. વજેસિંહ છીતુબાવા રાઠોડ,ઉ.વ. ૭૧.

૪. ઉદેસિંહ છીતુબાવા રાઠોડ, ઉ.વ. ૭૬.

તમામ રહે. સગડોળ,તા.કરજણ,જિ.વડોદરા.

---

ગુનો :- ભારતીય દંડ સંહિતાની કલમ : ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા બી.પી.એકટની કલમ : ૧૩૫ મુજબ.

---

**ફરીયાદપક્ષ તરફે :– વિ.એ.પી.પી. :– શ્રી.જે. જી. મલેક.**

**આરોપીઓ તરફે :– વિ. વ. શ્રી. :– આઈ. એન. મલેક.**

---

//ઠરાવ//

૧). ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીઓએ ભેગા મળી ફરીયાદમાં જણાવેલ સ્થળે,સમયે અને તારીખના રોજ ફરીયાદી પોતાના પરીવારજનો સાથે વાતો કરતા હતા ત્યારે આરોપી નં.૧ ફરીયાદીના કાકાના મોટાભાઈની દિકરીને બદનામ કરવા ખોટી વાતો કરતા હોય તે ફરીયાદીએ કરવાનુ ના પાડતા નં.૧ નાએ ગાળો બોલી તેના હાથમાંનુ ધારીયુ ફરીયાદીને માથામાં મારી દિધેલ અને કલ્યાણસિંહ બચાવવા આવતાં આરોપી નં.૩ નાએ ગાળો બોલી લાકડીની ઝપાટો કલ્યાણસિંહને કપાળના ભાગે મારેલ ત્યારે આરોપી નં.૨,૪ નાઓ દોડી આવેલા અને બધાએ ભેગા મળી ફરીયાદદી તથા તેમના કાકને માર મારેલ અને જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કરેલ હોય તે અંગેની ફરીયાદ,ફરીયાદીએ કરજણ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા તપાસ કરતા આ કામના આરોપીઓ વિરૂધ્ધ મળી આવેલ પુરતા પુરાવા આધારે હાલનુ ચાર્જશીટ રજુ કરેલ છે.

૨). આ કામના આરોપી જામીન મુકત હોય તેઓને સમન્સની ધોરણસર બજવણી કરવામાં આવતા તેઓ હાજર રહેલ છે અને તેઓને ક્રિમી. પ્રોસીજર કોડની કલમ : ૨૦૭ મુજબ વિના મુલ્યે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલી.ત્યારબાદ આરોપીઓ સામે આંક : ૦૪ થી તહોમતનામુ ફરમાવતા તે તેઓને વાંચી,સંભળાવી,સમજાવતા આંક : ૦૫ થી ૦૮ સુધી જવાબ લેવામાં આવતાં તેઓએ તેમની સામેના ગુનો કર્યાનો ઈન્કાર કરતા આ કામ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૩). આ કામે ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો (સોગંધ ઉપર જુબાની)</u> :–**

| ક્રમ | સાહેદનો પ્રકાર | સાહેદનુ નામ | આંક |
|---|---|---|---|
| ૧. | સાહેદ | જયદેવસિંહ હિંમતસિંહ અટાલીયાની જુબાની | ૧૯ |
| ૨. | સાહેદ | રણજીતસિંહ ગેમલસિંહ અટોદરીયાની જુબાની | ૨૦ |
| ૩. | સાહેદ | મહેન્દ્રસિંહ ગેમલસિંહ અટોદરીયાની જુબાની | ૨૬ |

**<u>દસ્તાવેજી પુરાવો</u> :–**

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૨૨ |
| ૨. | હથીયાર અંગેનુ પંચનામુ | ૨૩ |
| ૩. | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૨૪ |

આ સિવાય ફરીયાદ પક્ષે વધુ કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

૪). ફરીયાદ પક્ષે રજુ થયેલ ઉપરોકત પુરાવો વંચાણે લઈને ફોજદારી કાર્યવાહી ધારો,૧૯૭૩ ની કલમ:–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો જણાય ન આવતાં તેઓનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ સરકાર પક્ષેથી વિ.એ. પી.પી.શ્રી.ની તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રી.ની દલીલો આ કામે સાંભળવામાં આવેલ છે અને કેસનુ રેકર્ડ વંચાણે લેવામાં આવેલ છે.

૫). ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવાને ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>// મુદ્દાઓ //</u>**

**૧.** શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીઓએ ફરીયાદમાં જણાવેલ સ્થળે,સમયે અને તારીખના રોજ

ફરીયાદી પોતાના પરીવારજનો સાથે વાતો કરતા હતા ત્યારે આરોપી નં.૧ ફરીયાદીના કાકાના મોટાભાઈની દિકરીને બદનામ કરવા ખોટી વાતો કરતા હોય તે ફરીયાદીએ કરવાનુ ના પાડતા નં.૧ નાએ ગાળો બોલી તેના હાથમાંનુ ધારીયુ ફરીયાદીને માથામાં મારી દિધેલ અને કલ્યાણ સિંહ બચાવવા આવતાં આરોપી નં.૩ નાએ ગાળો બોલી લાકડીની ઝપાટો કલ્યાણ સિંહને કપાળના ભાગે મારેલ ત્યારે આરોપી નં.૨,૪ નાઓ દોડી આવેલા અને બધાએ ભેગા મળી ફરીયાદદી તથા તેમના કાકને માર મારેલ અને જાનથી મારી નાંખવાની ગુન્હાહિત ધમકી આપી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ : ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા બી.પી.એકટની કલમ : ૧૩૫ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

૬). ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**૧. નકારમાં**

**૨. આખરી હુકમ મુજબ.**

૭). ઉપરોકત નિર્ણયોના મારા કારણો નીચે મુજબ છે.

**//ન્યાચ નિર્ણય માટેના કારણો //**

**:: મુદ્દા નં. :-૧ ::**

૮). ફરીયાદ પક્ષે તમામ વ્યાજબી શંકાથી મુકત રહીને તેનો કેસ સાબિત કરવો જોઈએ તેવો ક્રિમીનલ જયુરીસપ્રુડન્સનો સ્વીકૃત સિધ્ધાંત છે.

સદરહું કામે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવઓનુ મુલ્યાંકન કરતા પહેલા અત્રે એ નોંધવુ જરૂરી છે કે,ન્યાયતંત્રના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ પુરાવાના મુલ્યાકંન શબ્દને પુરાવાના કાયદામાં વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનુની સર્મપિત કોઈ નિયમ નથી,પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું તે કેસ ની હકીકતો અને સંજોગો ઉપર આધારીત હોય છે. પુરાવાના મુલ્યાં

કનનો આધાર પુરાવાના કાયદાની કલમ : ૩ ના પ્રબંધોમાં કરવામાં આવેલ સાબિત અને ના સાબિત વ્યાખ્યા પર આધારીત છે.ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ પર રહે છે.ફરીયાદપક્ષે પોતાની હકીકતો વ્યાજબી શંકાથી પર સાબિત કરવાની હોય છે.દિવાની કાર્યવાહીમાં જે રીતે સભંવીતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી સંભવીતતા ફોજદારી કાર્યવાહીમાં હોતી નથી.ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી પર ખસતો નથી.ફરીયાદપક્ષે સંભવીતતા દર્શાવવાની હોતી નથી.પરંતુ આરોપી પર તહોમત વ્યાજબી શંકાથી પર રીતે પુરવાર કરવાનુ છે.ફોજદારી કાર્યવાહીમાં જો આરોપી અપવાદનો લાભ મેળવવા માંગતો હોય તો તેણે ભારતીય પુરાવા અધિનિયમની કલમ: ૧૦૫ મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે.આરોપીએ અપવાદ માહેની હકીકત શંકાથી પર રીતે સાબીત કરવાની હોતી નથી.સાબીત થયેલી હકીકત કોને કહેવાય ? તે જોવામાં આવે તો,અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને તો,તેવી હકીકત સાબીત થયેલી ગણાય. આમ,ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર રીતે સાબીત કરવો જોઈએ.

૯). હવે આ કામે આંક : ૧૯ થી તપાસવામાં આવેલ સાહેદ જયદેવ સિંહ હિંમતસિંહ તેમના પુરાવામાં જણાવે છે કે બનાવને ઘણો સમય થયેલો હોય બનાવ કઈ સાલમાં કેટલા વાગે બનેલ તે હાલ યાદ નથી.ગામના લોકો સાથે સામાન્ય બોલાચાલી થયેલી એટલો ખ્યાલ છે.કોને કોને શું મારેલ તે હાલે કહી શકુ નહી.આરોપીઓને જોયથી ઓળખી શકુ છું.પોલીસે નિવેદન લીધેલ તેમાં શું લખાવેલ તે યાદ નથી.આ ફરીયાદ તેઓના પિતા હિંમતસિંહે આપેલ તે સિવાય તેઓને કંઈ યાદ નથી અને તેઓના પિતા સને.૨૦૨૨ માં ગુજરી ગયેલ હોવાના આપેલ પુરાવાને અન્વયે મજકુર સાહેદની જુબાનીમાંથી આંક : ૨૨

વાળી ફરીયાદ હકીકતને મહત્વની બાબતે સમર્થન પ્રાપ્ત થતુ ન હોય વિ. એ. પી.પી.શ્રી.એ મજકુર સાહેદને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી તેઓની ઉલટ તપાસ કરવાની માંગેલ પરવાનગી અન્વયે અદાલત ધ્વારા ભારતીય પુરાવા અધિનિયમની કલમ :–૧૫૪ માં કરવામાં આવેલ જોગવાઈ વંચાણે લઈ જે પક્ષકાર સાહેદને બોલાવેલ હોય તેમની ઉલટતપાસ કરવા માટે પરવાનગી આપવી તે અદાલતનો વિવેકાધિકાર હોય સાહેદ ધ્વારા આપવામાં આવેલ પુરાવાની હકીકતને ધ્યાને રાખી તેને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરવાની પરવાનગી આપી તેને ઉલટ તપાસમાં પુછી શકાય અને તે મુજબના સૂચક પ્રશ્નો પુછવાની આપેલ પરવાનગી અન્વયે વિ.એ.પી.પી.શ્રી.મજકુર સાહેદની વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પણ તેમાંથી ફરીયાદ હકીકતને કોઈ રીતે અને પ્રકારે સમર્થન પ્રાપ્ત થતુ હોય તેમ જણાય આવતુ નથી મજકુર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે એ વાત ખરી છે કે બનાવને ઘણો સમય થયેલ હોય બનાવમાં ચોકકસ શું બનેલ તે યાદ નથી.એ વાત ખરી છે કે કોના હાથમાં કયુ હથિયાર હતુ અને કોણે કોને મારેલ તે યાદ નથી.એ વાત ખરી છે કે પોલીસે ફકત નામ અને સરનામુ પુછેલ.એ વાત ખરી છે કે આરોપી પડોશમાં રહેતા હોય તેમને ઓળખુ છું તે મુજબનો કરેલ સ્વીકાર ધ્યાને રાખી મજકુર સાહેદના સમગ્ર પુરાવાનુ મુલ્યાકન કરતાં તેમાંથી તેઓ આ કામના ફરીયાદીના દિકરા હોવા છતાં ફરીયાદીની ફરીયાદ હકીકતને સમર્થન થાય તેવો કોઈ જ પુરાવો આપેલ નથી અને બનાવ સમયે કોના હાથમાં કયુ હથિયાર હતુ અને કોણે કોને મારેલ તે યાદ ન હોવાનુ જણાય આવે છે.

**૧૦).** હવે આ કામે આંક : ૨૦ થી તપાસવામાં આવેલ સાહેદ રણજીત સિંહ ગેમલસિંહ તથા આંક : ૨૧ થી તપાસવામાં આવેલ સાહેદ મહેન્દ્રસિંહ ગેમલસિંહનાઓને તપાસવામાં આવેલ છે.આ બંને સાહેદો તેઓના પુરાવામાં

આંક : ૨૨ થી રજુ થયેલ ફરીયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ન હોય વિ.એ.પી.પી.શ્રી.એ મજકુર સાહેદોને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી તેઓની ઉલટ તપાસ કરવાની માંગેલ પરવાનગી અન્વયે અદાલત ધ્વારા ભારતીય પુરાવા અધિનિયમની કલમ :–૧૫૪ માં કરવામાં આવેલ જોગવાઈ વંચાણે લઈ જે પક્ષકાર સાહેદને બોલાવેલ હોય તેમની ઉલટતપાસ કરવા માટે પરવાનગી આપવી તે અદાલતનો વિવેકાધિકાર હોય સાહેદ ધ્વારા આપવામાં આવેલ પુરાવાની હકીકતને ધ્યાને રાખી તેને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરવાની પરવાનગી આપી તેને ઉલટ તપાસમાં પુછી શકાય અને તે મુજબના સૂચક પ્રશ્નો પુછવાની આપેલ પરવાનગી અન્વયે વિ.એ.પી.પી.શ્રી. મજકુર સાહેદોની વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પણ તેમાંથી ફરીયાદ હકીકતને કોઈ રીતે અને પ્રકારે સમર્થન પ્રાપ્ત થતુ હોય તેમ જણાય આવતુ નથી મજકુર સાહેદોની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે એ વાત ખરી છે કે બનાવને ઘણો સમય થયેલ હોય બનાવમાં ચોકકસ શું બનેલ તે યાદ નથી.એ વાત ખરી છે કે કોના હાથમાં કયુ હથિયાર હતુ અને કોણે કોને મારેલ તે યાદ નથી.એ વાત ખરી છે કે પોલીસે ફકત નામ અને સરનામુ પુછેલ.એ વાત ખરી છે કે આરોપી પડોશમાં રહેતા હોય તેમને ઓળખુ છું તે મુજબનો કરેલ સ્વીકાર ધ્યાને રાખી મજકુર સાહેદના સમગ્ર પુરાવાનુ મુલ્યાકન કરતાં તેમાંથી તેઓ આ કામના ફરીયાદીના દિકરા હોવા છતાં ફરીયાદીની ફરીયાદ હકીકતને સમર્થન થાય તેવો કોઈ જ પુરાવો આપેલ નથી અને બનાવ સમયે કોના હાથમાં કયુ હથિયાર હતુ અને કોણે કોને મારેલ અને ઈજાઓ કરેલ તે યાદ ન હોવાનુ જણાય આવે છે.

**૧૧).** વધુમાં આ કામે રેકર્ડ જોવામાં આવે તો જે પુરાવાઓ રજુ થયેલ છે તેનાથી ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થતુ હોય તેમ જણાય આવતુ નથી. કારણ કે જે સાહેદો તપાસવામાં આવેલ છે તેઓ

ફરીયાદીની ફરીયાદ હકીકતે સમર્થન આપેલ નથી અને ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર થયેલા છે.આ ઉપરાંત આ કામે પંચ સાહેદો તથા અન્ય સાહેદોને સમન્સ કરવામાં આવેલ છે પરંતુ રેકર્ડ પર આવેલ પુરાવો જોતાં તેઓ તમામ મરણ ગયેલા છે અને તે બાબતના મરણના દાખલા કામે રજુ જે ધ્યાને લેવામાં આવેલ છે.

**૧૨).** હાલના કામે તપાસવામાં આવેલ સાહેદોની જુબાની સિવાય અન્ય કોઈનો પુરાવો રેકર્ડ ઉપર રજુ થયેલ નથી અને હાલના કામે રજુ થયેલ જે કંઈ પુરાવો રજુ થયેલ છે તે માની લેવામાં આવે તો કોઈ પણ પુરાવાનુ વિશેષ મહત્વ રહેતુ નથી અને હાલના કામે જે કંઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે તે ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીઓએ ફરીયાદમાં જણાવ્યા મુજબનાનુ ગુન્હાહિત કૃત્ય આચરેલ હોય તેવુ સાબિત થતુ નથી અને કેસની હકીકતો અને સંજોગો જોતાં લક્ષમાં લેતાં **૧૯૯૬(૩) ક્રાઇમ્સ પાના નં.૮૫ ઉપર નામદાર સુપ્રીમકોર્ટે સતિષ મહેરા વિરૂધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશન અને બીજાઓના** ચુકાદામાં સ્પષ્ટ પણે ઠરાવેલ છે કે,કોઇ પણ ટ્રાયલના પુરાવા દરમ્યાન કોઈ પણ તબકકે જયારે અદાલત એવો અભિ પ્રાય આપતી હોય કે આ કામમાં હવે પછી વધુ સાક્ષીઓ તપાસવા તે માત્ર ઔપચારિકતા સમાન છે અને આથી વધુ સાક્ષીઓ કે મેડીકલ ઓફીસરને તપાસવાથી કોઇ વિશેષ પુરાવો આવવા સંભવ નથી તો તેવા સંજોગોમાં પુરાવો આવવા સંભવ નથી તો તેવા સંજોગો માં પુરાવો લેવાનું બંધ રાખવું જોઇએ અને તેમ કરીને અદાલતના કિંમતી સમયનો દુર્વ્યય થતો અટકાવવો જોઇએ.સર્વોચ્ચ અદાલતનો તે ચુકાદો કાળજીપૂર્વક અને સન્માન પૂર્વક વંચાણે લેતા તેમાં જે સિધ્ધાંત ઠરાવેલ છે તેનુ હાદ એવુ જણાઇ છે કે,ચાર્જશીટમા જણાવવામાં આવેલ તમામે તમામ સાક્ષીઓ અનિવાર્ય ન હોય તો તેઓને તપાસવા જરૂરી નથી.એટલુ જ નહિ, પરંતુ મહત્વના અને ચાવીરૂપ શાક્ષીઓ તપાસાઇ ગયા પછી જો તેઓની જુબાનીના આધારે ભાવી નકકી થઇ શકે તેવુ અદાલતને લાગે તો તે તબકકે વિશેષ સાક્ષીઓ તપાસવા તે ઔપચારિકતા જ છે.આ સિધ્ધાંત હાલના કેસ

માં પણ જોતા બંધ બેસતો અને યોગ્ય જણાઈ છે અને તે હકિકતે જે ઉપર મુજબ ચર્ચા કરી છે તે જોતા વિશેષ પુરાવો આ કામમા લેવા યોગ્ય જણાયેલ નથી અને જે પણ કાંઈ પુરાવો હાલના કેસમાં રજૂ થયેલ છે તેના આધારે પણ આરોપીની કસુર કે સંડોવણી હાલના ગુનામાં પુરવાર થતી નથી.

**૧૩).** આ તબકકે,ભારતીય પુરાવા ધારાની કલમ–૩ માં જણાવેલ રીતે પુરાવો શબ્દની વ્યાખ્યાને અનુલક્ષી ''સાબિત થયેલી'' હકીકતો જોતા પોતાની સમક્ષ રજૂ થયેલી બાબતોની વિચારણા બાબતે કોર્ટ કોઈ હકીકતનું અસ્તિત્વ છે તેમ માને કે સમજદાર વ્યકિત અમુક સંજોગોમાં હકીકત અસ્તિત્વ માં છે તેવું માને તો તે જ હકીકત સાબિત થયેલી ગણાય તથા ફોજદારી ન્યાયિક ઈન્સાફી કાર્યવાહીમાં સાબિતીનો ભાર ઉપરોકત જણાવેલ રીતે ફરીયાદપક્ષ ઉપર રહે છે અને ફરીયાદપક્ષે નિ:શંકપણે આરોપીઓ સામેનો કેસ સાબિત કરવો પડે અને જો ફરીયાદપક્ષના પુરાવામાં સહેજ પણ શંકા ઉભી થાય તો તેનો લાભ આરોપીને મળે અને આરોપી તેનો બચાવ સાબિત કરવા માંગતો હોય તો તેણે વ્યાજબી શકયતાના સિધ્ધાંત મુજબ તે હકીકત સાબિત કરી શકે.

**૧૪).** આમ,ફરીયાદપક્ષે સમગ્ર પુરાવો જોતાં ફરીયાદીને આરોપીઓએ ધારીયા અને લાકડી મારી ઈજાઓ કરેલ હોય તેમ જણાય આવતુ નથી.વધુમાં આરોપીઓએ ફરીયાદીને કોઈ ઈજા કરેલ હોય તેમ જણાય આવતુ નથી કે આ કામના ફરીયાદી તથા સાહેદને સ્વેચ્છાપૂર્વકની વ્યથા કરેલ હોય કે સુલેહ શાંતિ નો ભંગ કરેલ હોય કે એકબીજાને મદદગારી કરી જાનથી મારી નાંખવાની ગુન્હાહિત ધમકી આપેલ હોય કે બનાવ સમયે મારક હથિયાર ધારણ કરી જાહેર નામાનો ભંગ કરેલ હોય તેવુ પણ જણાય આવતુ નથી.આમ,હાલના કામે ફરીયાદપક્ષના સંપૂર્ણ પુરાવાનુ મુલ્યાંકન કરતા આ કામના આરોપીઓએ ફરીયાદમાં જણાવ્યા મુજબનુ ગુન્હાહિત કૃત્ય આચરેલ હોય તેમ જણાય આવતુ નથી અને ફરીયાદી ધ્વારા જે ફરીયાદ કરવામાં આવેલ તેને તપાસવામાં

આવેલ કોઈ પણ સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ નથી અને જે કંઈ પુરાવો આવેલ છે તેમાંથી આ કામે મહત્વની બાબતોમાં ઘણી જ વિસંગતતા અને નિવેદનોની ભુલો કે જે કેસને મહત્વની રીતે અસર કરતી હોય તેમ જણાય આવે છે અને બનાવના કામે આરોપીઓ વિરુધ્ધ માત્રને માત્ર શંકા જ ઉપસ્થિત થતી હોવાનું જણાઈ આવે છે અને જે કંઈ પુરાવો આવેલ છે તે વંચાણે લેતા તથા કાયદાકીય જોગવાઈ ધ્યાને રાખતાં ચોકકસપણે પુરાવાની ગુણવતા પણ વિશેષ હોવી જરૂરી અને ખૂબ જ આવશ્યક હોય તે મહત્વની હકીકત ધ્યાને રાખી રેકર્ડ ઉપર આવેલ પુરાવો વંચાણે લેતાં તેમાંથી સત્યતા અને સાત્યતા જળવાતી ન હોય અને કડીબધ્ધ પુરાવો કે જેના વડે આરોપીઓ વિરૂધ્ધનુ અનુમાન કરી શકાય તે રેકર્ડ ઉપર આવેલ ન હોય અને ફરીયાદ અન્વયે રેકર્ડ ઉપર આવેલ પુરાવામાંથી મહત્વની બાબતે પણ વિસંગતતાઓ જણાઈ આવતી હોય અને સ્વતંત્ર સાહેદોના પુરાવાના અભાવે તથા સાતત્યસભર પુરાવાના અભાવે ફરીયાદવાળા ગુન્હાના કામેઆરોપીઓને તકશીરવાન ઠરાવી શકાય તેમ ન હોય,ફરીયાદવાળા બનાવના કામે આરોપીઓએ ફરીયાદમાં જણાવ્યા મુજબનુ કૃત્ય કરેલ હોવા બાબતનો માત્ર શક ઉત્પન્ન થતો હોય તેવી ઉત્પન્ન થયેલ શંકાનો લાભ આરોપીઓને પ્રાપ્ત થવો જોઈએ તેમ આ અદાલતનું માનવુ હોય આ કામે નિર્માણ કરવામાં આવેલ મુદ્દા નં.૧ ફરીયાદ પક્ષ પુરવાર કરવામાં સફળ રહેલ નથી તેમ ઠરાવી તેનો જવાબ ''નકારમાં'' આપી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>// હુકમ //</u>**

**૧).** આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ :– ૨૪૮ (૧)અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ : ૩૨૩,૫૦૪ ૫૦૬(૨),૧૧૪ તથા બી.પી.એકટની કલમ : ૧૩૫ મુજબના

આક્ષેપાયેલા શિક્ષાનેપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨).** આ કામે આરોપીઓએ અગાઉ આપેલ જામીન અપીલ સમય સુધી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**૩).** અપીલ સમય વિત્યા બાદ મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**ઉપરોકત હુકમ આજરોજ તારીખ : ૨૮ મી,માહે : એપ્રિલ, સને. :–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભાળાવી જાહેર કર્યો.**

| | |
|---|---|
| **તારીખ : ૨૮/૦૪/૨૦૨૬.**<br>**સ્થળ : કરજણ** | **(પ્રદીપકુમાર વસંતલાલ ધીમર)**<br>**અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,**<br>**કરજણ**<br>**CODE NO. GJ** 01488. |

(વિપુલ શાહ).